| PUBLICATION NAME : | Divya Bhaskar(City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 26/07/24 |
| PAGE : | 2 |

**ENTREPRENEUR TALK** આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામના સમાપનમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું,

# ‘જો મહિલા પરિવર્તન લાવવાની શરૂઆત કરશે તો, દેશભરના લોકો તેને વર્ષો સુધી યાદ રાખશે’

## મહિલાઓમાં આંત્રપ્રિન્યોરશિપ સ્કિલ વિકસાવવા યોજાયેલ EDIIના ‘100 આંત્રપ્રિન્યોપશિપ અવેરનેસ પ્રોગ્રામ’નું સમાપન

**ગાંધીનગરઃ** ‘જો કોઈ મહિલા પરિવર્તન લાવવાની શરૂઆત કરશે તો, ગામડા સહિત દેશભરના લોકો તેને વર્ષો સુધી યાદ રાખશે.’ EDII ના ‘100 આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ’ની પૂર્ણાહુતિ સમયે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બાબત કહી હતી. આ પ્રોગ્રામ અંતર્ગત હાલ સુધીમાં 35 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં 100 આંત્રપ્રિન્યોરશિપ અવેરનેસ કાર્યક્રમ યોજાયા, જેમાં 5796 મહિલાઓએ ભાગ લીધો હતો. ઉપરાંત સમારોહમાં રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્માએ હાજરી આપી હતી.

પ્રોગ્રામનો ઉદ્દેશ મહિલાઓમાં આંત્રપ્રિન્યોરશિપ સ્કિલ્સ વિકસાવવાનો હતો, જેથી પોતાના બિઝનેસ માટે નોલેજ, સ્કિલ્સ અને પ્રેરણા મળી રહે.



ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહિલાઓને સંબોધતા કહ્યું કે, ‘છેલ્લા 10 વર્ષોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ તમામ સેક્ટરમાં વધ્યું છે. આનો લાભ માત્ર મહિલાઓને જ નહીં, પરંતુ સંપૂર્ણ દેશને થયો છે. મહિલાઓ કોઈપણ કાર્ય પ્રત્યે વધારે કમિટેડ હોય છે. મહિલાઓ જ્યારે નક્કી કરે કે, આ દિશામાં આ કામ કરવું છે, આ પરિવર્તન કરવું છે, તો તે સફળ થાય જ છે. આપણો સમાજ વર્ષોથી રૂઢિચુસ્ત છે. જેના લીધે મહિલાઓનું કોન્ફિડેન્સ લેવલ પણ ઘટે છે.

લોકો તમારા વિશે શું કહે છે તેની ચિંતા કરશો તો, તમે ક્યારેય સફળ નહીં થઈ શકો. સોશિયલ મિડિયાના યુગમાં ઘણા લોકો ફેક આઈડેન્ટિટીનો શિકાર બન્યાં છે. હું મહિલાઓને નિવેદન કરું છું કે, તમે જેને ઓળખતા નથી, તેવા લોકોને પર્સનલ ડિટેઈલ્સ, ફોટો અને પાસવર્ડ વગેરે શેર કરતા પહેલાં 100 વાર વિચાર કરો. ઘણીવાર એવું પણ બને છે કે, સમાજના ભયથી છોકરીઓ પોલીસ ફરિયાદ કરાવતા સમયે ખચકાટ અનુભવે છે. આપણું કર્તવ્ય છે કે, આપણે સમાજમાં એવું વાતાવરણ બનાવીએ કે, જેમાં મહિલાઓ સાથે કોઈ ઘટના બને તો, સમગ્ર સમાજ અને ગામ એકસાથે મળીને પોલીસ ફરિયાદ નોંધાવે.’

ત્યારે, રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્માએ કહ્યું કે, ગુજરાતમાં મોટાભાગના લોકો બિઝનેસમાં છે, પરંતુ મહિલાઓ શા માટે નથી તે વિચારવાનો વિષય છે. જો એક મહિલાએ પોતાનો બિઝનેસ શરૂ કરવો હોય તો, પુરુષો કરતાં વધારે તકલીફો ભોગવવી પડે છે.’ ઈન્સ્ટિટ્યૂટના ડીજી ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે, ‘ઈન્સ્ટિટ્યૂટ વીમેન આંત્રપ્રિન્યોર્સની જાગૃતિ અને વિકાસ કાર્યક્રમો દ્વારા મહિલાઓને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.’